ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને વર્ષ
૨૦૧૮-૧૯ની નવી બાબત પેટે રૂ.૭.૯૧
લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૩/૧૦૦૧(પા.ફા.)/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૦/૦૩/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૩૨૦૧૮/૩૨૭૯૬/અ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૯/૦૫/૨૦૧૮નો ઠરાવ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫/૦૯/૨૦૧૮નો ઠરાવ
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૫/૦૨/૨૦૧૯નો ઠરાવ
(૫) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૮/૦૩/૨૦૧૯ નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ./૨૦૧૮-૧૯/૫૫૮

આમુખ :

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ આ વિભાગના તા.૨૩/૦૪/૨૦૧૮ ના ઠરાવથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ ખાતે હિસાબી અધિકારીની ૧(એક) અને સિનિયર કલાર્કની એક(૧) એમ કુલ બે જગ્યાની રૂ.૭.૯૧ લાખની વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ માટે રૂ.૧૫૭.૯૧ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે જેમાં રૂ.૭.૯૧ લાખની ઉક્ત નવી બાબતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામે દર્શાવેલ આ વિભાગના તા.૦૯/૦૫/૨૦૧૮ ના ઠરાવથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ, વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ આ વિભાગના તા.૨૫/૦૯/૨૦૧૮ના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ, વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામે દર્શાવેલ આ વિભાગના તા.૦૫/૦૨/૨૦૧૯ના ઠરાવથી ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ એમ કુલ રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાંટ નિગમના હવાલે મૂકવા મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૧૮-૧૯ ની ફાળવવાની બાકી રહેતી રૂ.૭.૯૧ લાખની ગ્રાન્ટ

નિયામકશ્રી. વિકસતી જાતિ કલ્યાણ ખાતા મારફત નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૧૮-૧૯ ની નવી બાબત પેટે ફાળવવાની થતી રૂ.૭.૯૧ લાખ (રૂપિયા સાત લાખ અને એકાણું હજાર) ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.
૨. સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૩. આ ખર્ચ કરતા પહેલા નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
૪. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
૫. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૬. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૦ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા)ની તા.૨૦/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એમ.ચૌધરી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

* નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:-

૧. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

૪. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

૫. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

૬. સેકશન અધિકારીશ્રી(અ.[illegible]/બજેટ શાખા/કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. સિલેકટ ફાઇલ-૨૦૧૯